


પૂરગ્રસ્ત વિસ્તારોમાં ગાંધીનગર ભાજપ : બનાસકાંઠાના પૂરગ્રસ્ત વિસ્તારમાં ગાંધીનગર મહાનગર ભાજપના કાર્યકરો બુધવારે વહેલી સવારથી રાહત કાર્યમાં જોડાઈ ગયા છે. નગરના મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ, ભાજપ અગ્રણી બિપીનભાઈ રાવલ અને અન્ય કાર્યકરો જોડાયા હતા.

# જિલ્લામાંથી વધુ ૨૨ ગ્રામસેવકો સર્વેલન્સની કામગીરી માટે જવા રવાના

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાંથી વધુ ૨૨ ગ્રામસેવકોની ટીમ આજે ઉત્તર ગુજરાતના પૂર પ્રભાવિત બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મોકલવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાંથી અત્યાર સુધી ૪૦થી વધુ કર્મચારીઓ પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફરજ માટે પહોંચ્યા છે. તબીબી અધિકારીઓની પણ ત્રીજી ટીમ મોકલવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. અગાઉ ગયેલી બે ટીમો ત્યાંથી પરત ફરી ચુકી છે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાંથી જમીનના ધોવાણના સર્વેલન્સ માટે ગ્રામસેવકો અત્યાર સુધીમાં ૩૨ મોકલવામાં આવ્યા છે. પાંચ તબીબી અધિકારીઓ પાંચ ઈજનેરો અને પાંચ નાયબ ચીટનીસ મિલ્કતોના નુકશાન માટેના સર્વેલન્સ માટે તેમજ ૧૦ પશુ તબીબી અધિકારીઓ જિલ્લામાંથી મોકલવામાં આવ્યા છે.

જિલ્લામાંથી જરૂર પડ્યે વધુ કર્મચારીઓને પણ એકાદ દિવસમાં મોકલવામાં આવસે તેમ પંચાયતના સૂત્રોએ જણાવ્યું છે. બનાસ અને પાટણમાં પૂરહોનારતથી ભારે નુકશાન થયુ છે. ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટને તો આ વિસ્તારમાં એક તાલુકાના રાહતની સંપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

# સે-૬ જ કક્ષાના આવાસોની ગટરો છેલ્લા એક મહીનાથી ઉભરાતા રહીશો તોબા

## વરસાદી દિવસોમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતા ખદબદતી ગંદકી વચ્ચે રોગચાળાની દહેશત : અનેક રજુઆત છતા તંત્રના અધિકારીઓ સાંભળતા નથી

ગાંધીનગર તા ૨

શહેરના સે-૬ માં જ કક્ષાના સરકારી આવાસોમાં છેલ્લા એક મહીનાથી ગટરો ઉભરતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. વરસાદી દિવસોમાં દુષિત પાણીનો ભરાવો થતા રોગચાળાનો ખતરો બેવડાયો છે. જ સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતા રહીશો માટે મુંઝવણરૂપ બની હોવાનો આક્રોશ દિન પ્રતિદિન પ્રબળ બન્યો છે. ગટર લાઈન દાયકાઓ જુની હોવાના લીધે મેઈન હોલમાં પણ ગાબડા પડયા છે. ગટર લાઈનને સેકટરની વસતી મુજબ ઉભરાવાની ફરિયાદો વધી છે. ત્યારે સ્થાનિક ઈન્કવાયરી કચેરી કક્ષાએથી પણ કોઈ પગલા લેવાતા નથી. સે-૬ માં જ કક્ષાના મકાનોમાં બ્લોક નં - ૬૦ થી ૭૦ આસપાસના વિસ્તારમાં ગટરોનુ દુષિત પાણીનો ભરાવો થયો છે. આ વિસ્તારમાં છેલ્લા એક



કક્ષાના બ્લોક નં -૬૦ થી ૭૦ પાસે દુષિત પાણીના ભરાવાના લીધે ગંદકી ખદબદી રહી છે. તંત્રના અધિકારીઓ સમક્ષ અનેક રજુઆતો કરતા કોઈ સાંભળતુ ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આ વિસ્તારમાંથી ત્વરિત અસરથી સમસ્યા હલ થાય તેવી પ્રબળ માંગ પણ સ્થાનિક રહીશોએ કરી છે.

શહેરમાં છેલ્લા બે વર્ષથી ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. અપગ્રેડ કરવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં પાણીનો ભરાવો થાય છે. ત્યારે વરસાદી પાણીની સાથે ગટરો ઉભરાતા દુષિત પાણીના લીધે સેકટરોમાં ગદકીની સમસ્યા હઠીલી બની છે. સેકટરોમાં રહીશોના ઘરઆંગણે જ પાણીનો ભરાવો થતા મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. સેકટરવાસીઓ પરેશાન છે. જુના અને નવા સેકટરોમાં ગટરો મહીનાથી ગટરો ઉભરાય છે. જેના લીધે સ્થાનિક વસાહતીઓ પરેશાન થઈ ગયા છે. સ્થાનિક રહીશોએ આ મામલે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા તંત્રના અધિકારીઓ કોઈ પગલા લેતા નથી. બીજીતરફ ગંદકીથી ખદબદતા આ વિસ્તારમાં ગટર તેમજ વરસાદી પાણીના ભરાવાની સમસ્યાના લીધે સ્થાનિક રહીશોના માથે રોગચાળાનો ખતરો મંડરાયો છે.



વાવોલ સ્થિત રામધામ મંદિર ખાતે આજે ભગવાનના હિંડોળા મોરપીંછના કરવામાં આવ્યા હતા.

# જાયન્ટસ ગૃપ દ્વારા સે-૨ ૩માં વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગરના જાયન્ટસ ગૃપ મેઈન તથા તેની મહિલા પાંખ સાહેલી દ્વારા સેકટર-૨ ૩ના બગીચામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના યુનિટ ડાયરેકટર બી.એમ. પટેલ, સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ, જાયન્ટસ ગૃપ મેઈનના સાંકાભાઈ પટેલ અન્ય હોદ્દેદારોએ હાજરી આપી હતી. સંસ્થા દ્વારા ૫૧ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.



શહેરના ૫૩ માં જન્મદિવસની પનઘટ કલા કેન્દ્ર દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી હતી. પનઘટ કલા કેન્દ્રના ભાવિન પટેલ અને સાથી કલાકારો દ્વારા ઝુપડામાં વસતા ગરીબ બાળકોને નવા વસ્ત્રો આપી તેમની સાથે કેક કાપીને નગરના જન્મદિવસની ઉજવણી કરી હતી. ઝુંપડાવાસીઓના બાળકો સાથે ગરબા સહીત સાંસ્કૃતિક કૃતિઓ ઉપરાંત લીંબુ ચમચો અને હાઉસી જેવી વિવિધ રમતોનુ પણ આયોજન કર્યુ હતુ. અંતમાં ૭૦ જેટલા બાળકોને ભોજન પણ પીરસવામાં આવ્યુ હતુ. નગરના સ્થાપના દિવસની અનોખી ઉજવણીમાં શ્રમિક પરિવારો બાળકોને ભાગીદાર બનાવાયા હતા. પનઘટ કલા કેન્દ્રના ભાવિન પટેલે જણાંવ્યુ હતુ કે નગરે કલા સંસ્થાને આગવી ઓળખ આપી છે. સે-૨૦, ૨૧ અને આદિવાડા વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારના બાળકો નગરના સ્થાપના દિવસની ઉજવણીમાં સામેલ થયા હતા.

# પાણી પુરવઠા બોર્ડ તથા જળસંપત્તિ વિકાસ નિગમના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ૨૩૫૯ કર્મચારીઓ અને જળસંપત્તિ વિકાસ નિગમના ૨૦૭૨ કર્મચારીઓ મળી કુલ-૪૪૩૧ કર્મચારીઓને લાભ

ગાંધીનગર, તા.૨

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા અધિકારી/ કર્મચારીઓને સાતમા પગાર પંચના લાભો આપવાનો નિર્ણય કર્યો છે. જેનો સમગ્ર દેશમાં ગુજરાતે પહેલ કરીને રાજયના સરકારના અધિકારી/કર્મચારીઓને આ લાભો આપ્યાં છે ત્યારે રાજ્ય સરકાર હસ્તકના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તથા ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના કુલ-૪૪૩૧ કર્મચારીઓને સાતમાં પગારપંચનો લાભ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે, જેનાથી ઉક્ત બોર્ડ-નિગમ ઉપર અંદાજે કુલ રૂ.૨૭.૧૮ કરોડનો વધારાનો બોજ પડશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કર્મચારીઓના હિત માટે અનેક નિર્ણયો કર્યા છે, ત્યારે બોર્ડ-નિગમના અધિકારીઓ/ કર્મચારીઓ દ્વારા પણ રજુઆતો કરાતાં ગુજરાત સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે. જે અનુસાર, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ૨૩૫૯ અને ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના ૨૦૭૨ કર્મચારીઓને લાભ મળશે. તેમણે ઉમેર્યુ કે, સાતમા પગાર પંચનો વધારાનો અમલ તા.૦૧.૦૮.૨૦૧૭ થી કરવામાં આવશે અને તા.૦૧.૦૧. ૨૦૧૬ થી તા.૩૧.૦૭.૨૦૧૭ સુધીના પગાર તફાવતની રકમ અંગે રાજ્ય સરકારના કર્મયોગીઓ માટે જે નિર્ણય લેવામાં આવશે તે મુજબ એરીયર્સ ચુકવાશે.

# સ્વચ્છતાના આચરણ માટે જનજાગૃતિ અભિયાન આરંભીએ : ડીડીઓ

ગાંધીનગર, તા. ૨

સ્વચ્છતાના આચરણ માટે લોકોમાં સુટેવો નાનપણથી જ પડે તે માટે જનજાગૃતિ અભિયાન ચલાવવાની આવશ્યકતા પર આજે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ ભાર મુક્યો હતો.

સ્વચ્છતા મિશન અંતર્ગત આજે ઈન્ફોસીટી ખાતે જિલ્લાકક્ષાના વર્કશોપમાં ઉદ્‌ઘાટન કર્યા બાદ તેમના અધ્યક્ષીય પ્રવચનમાં તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છતા માટેની સુટેવ કેળવાય તે જરૂરી છે. તેમણે જણાવ્યુ કે આ માટે સૌને હૃદયથી જોડવા જરૂરી છે.

સુવિધા ઉપલબ્ધ બની છે ત્યારે સ્વચ્છતા એ ટેવ બની વિકસે તે માટેના સહિયારો પુરૂષાર્થ જ જનજાગૃતિ અભિયાન બની રહેશે.

તેમણે હાથ ધોઈ ખાવા બેસવુ, સ્વચ્છ કપડાં પહેરવા તે નાનપણથી જ આપણે આપણા બાળકોને શીખવાડીએ. દેસાઈએ જણાવ્યુ હતુ કે સ્વચ્છતા આવતાં જ સ્વસ્થ સમાજ રચનાનું કાર્ય સરળ બનશે એમાં કોઈ શક નથી.

આ પ્રસંગે યુનિસેફના સ્ટેટ કન્સલટન્ટ ડૉ. લક્ષ્મી રંજન, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. રાઠોડ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ, તાલુકા વિકાસ અધિકારી રમીલાબેન, આર.એમ. શાહ ગ્રા.વિ.એજન્સી, માણસા તાલુકા વિકાસ અધિકારી હેમંતભાઈ ત્રિવેદી, દહેગામ તાલુકા વિકાસ અધિકારી દેસાઈ સહિત અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.







ગાંધીનગર જિલ્લાના ૪૭ ગામ એવા છે જેમાં પુરૂષની સરખામણીએ સ્ત્રી જન્મદર રાજ્ય અને જિલ્લાની સરેરાશ કરતાં પણ ઓછો જણાયો છે. મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે આવો ઓછો સેક્સ રેસિયો ધરાવતા કલોલ શહેરમાં આજે આરોગ્ય તંત્ર દ્વારા એક મહિલા રેલીનું આયોજન કરાયુ હતુ. જેમાં જિલ્લા પ્રોગ્રામ કોર્ડીનેટર પિનલ શાહ, કિલ્વાબેન પટેલ, જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી સહિતના અધિકારીઓ પણ જોડાયા હતા.

# પાંચ તાલુકા પ્રજાપતિ સમાજની ૨૫મી વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામની ૨૫મી વાર્ષિક જનરલ સભા તા. ૬ ઓગષ્ટના રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે દહેગામ ચીનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ સમાજ હોલ ખાતે યોજાશે. આ સભામાં પરિવાર મંચના લાભાર્થીઓને સહાયનો ચાલુ વર્ષનો પ્રથમ હપ્તો ચુકવવામાં આવશે. આ સભામાં પધારવા સર્વે સભાસદ જ્ઞાતિબંધુઓને સમાજના પ્રમુખ નારયણભાઈએ અનુરોધ કર્યો છે.

# સેક્ટર-૨૮ની પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે ગાંધીનગરના સ્થાપના દિવસ નિમિત્તે સેક્ટર-૨૮ની પ્રાથમિક શાળા નં. ૧ના મહિલા કોર્પોરેટર બરખાબેન જહા અને પ્રાથમિક શાળાના આચાર્યના



વરદહસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક શાળા નં. ૧ અને ૨માં બોરસલ્લી, ગરમાળો, ગુલમહોર, પેલ્ટોફાર્મ, પીન્કેસીયા, પેન્ડુલા, ટેબુબીયા જેવા વિવિધ ૧૦૦૦ જેટલા રોપાઓ વાવવામાં આવ્યા. જે અન્વયે મેયરે જણાવેલ છે કે 'વૃક્ષો છે તો આપણે છીએ' એટલે તેનું જતન કરવુ આપણી ફરજ છે. જેથી વધુ વૃક્ષો રોપવા જોઈએ તેમજ ગાંધીનગરની ગ્રીન સીટી તરીકેની ઓળખ પણ વૃક્ષોએ જ અપાવી છે.

